# પ્રકરણ : 3

# 'મળેલા જીવ' (પન્નાલાલ પટેલ) મનોવિશ્લેષણાત્મક અભ્યાસ

# ૩. : 'મળેલા જીવ' (પન્નાલાલ પટેલ) : મનોવિશ્લેષણાત્મક અભ્યાસ

## ૩.૧. : સર્જક પરિચય :

પૂરું નામ પન્નાલાલ નાનાલાલ (નાનશા) પટેલ. માતાનું નામ હીરાબા. રાજસ્થાનના ડુંગરપુર જિલ્લાના માંડલી નામે ગામમાં તા. ૭ મે, ૧૯૧૨ના રોજ જન્મ. તા. ૬ એપ્રિલ, ૧૯૮૯ના રોજ તેમનું અવસાન થાય છે. ૧૯૩૬માં પહેલી વાર્તા 'શેઠની શારદા' પ્રગટ થાય છે. ૧૯૩૬ થી ૧૯૩૯ દરમ્યાન રા.વિ.પાઠકના 'પ્રસ્થાન'માં વાર્તાઓ છપાતા સર્જક તરીકેની પ્રતિષ્ઠા મેળવે છે. ૧૯૪૦માં 'વળામણાં' લઘુનવલ પ્રગટ થતાં જ નોંધપાત્ર સર્જકોમાં ગણના થવા લાગે છે. ૧૯૪૧માં 'મળેલા જીવ' અને ૧૯૪૭ માં 'માનવીની ભવાઈ' પ્રગટ થાય છે જે તેમની યશોદાયી કૃતિઓ તરીકે ગણના પામે છે. તેમની પાસેથી પંચાવન જેટલી નવલકથાઓ; છવીસ જેટલા વાર્તાસંગ્રહોમાં થઈને પોણા પાંચસો જેટલી નવલિકાઓ; એકાંકીઓ અને નાટકો; બાળ-કિશોર સાહિત્ય; અને 'અલપઝલપ' , 'પૂર્ણયોગનું આચમન', 'અલકમલક' જેવાં પ્રકીર્ણ પુસ્તકો પ્રાપ્ત થાય છે. ૧૯૫૪માં એમને કથાસાહિત્ય ક્ષેત્રે શ્રેષ્ઠ પ્રદાન કરવા બદલ 'ગુજરાત વિદ્યાસભા' તરફથી 'રણજિતરામ સુવર્ણચંદ્રક' પ્રાપ્ત થાય છે. ૧૯૮૦ માં વડોદરા ખાતે યોજાયેલ સાહિત્ય પરિષદના ૩૦માં અધિવેશનમાં નવલકથાકાર તરીકે એ સર્જન વિભાગના પ્રમુખ વરાયા અને સર્જક તરીકેની પોતાની કેફીયત આપે છે. ૧૯૮૫માં ભારતમાં સાહિત્ય ક્ષેત્રે શ્રેષ્ઠ ગણાતો 'ભારતીય જ્ઞાનપીઠ' નો (૨૧મો) પુરસ્કાર એમને એનાયત થાય છે.

## ૩.૨. : 'મળેલા જીવ' : મનોવિશ્લેષણાત્મક અભ્યાસ :

ઝવેરચંદ મેઘાણીએ ૧૯૪૧માં ફૂલછાબના ભેટપુસ્તક તરીકે 'મળેલા જીવ' નવલકથાની પ્રસ્તાવના લખી છે. આ પ્રસ્તાવનામાં તેઓ નોંધે છે :

"જેમ જેમ હું વાંચતો ગયો તેમ તેમ ઠકાણે ઠકાણે મારું મન કહેતું ગયું, અરે કાનજી ! હેં ભૂંડા ! અહીં તું કેમ નબળાઈ બતાવે છે ? અરે હાળા ! તારું તે કાળજું જ કેમ કીડા ખાઈ ગયા છે ? અરે મૂઆ ! છે તો જોધાર જેવો ને આટલીય હિંમત બતાવી શકતો નથી ? મેર રે

મેર અભાગિયા ! એક નાનકડી હિંમતને અભાવે આખા જીવનનો ઓટલો વાળી નાખ્યો ! પોતાની કરેલીની પાસેથી આવું જીવલેણ વચન મગાય ? એને કાળી રાતે તેડી લાવ્યો ત્યારે હજુ વખત હતો તેટલામાં જ એને ભયંકરતાના કૂવામાંથી કાં ન બચાવી લીધી ? અલ્યા નઘરોળ ! નશરમા ! પરને સોંપ્યા પછી પણ વિમુખ બનીને દગો દીધો ? હાળા ઈડરિયા પથ્થર ! તારી નાનકડી ભત્રીજી રતનને પણ આવી આ જીવી કને જતીયે બંધ કરી ? ને આવી આની ખરેખરી મથામણને ટાણે જ તું ગામ છોડી શહેરમાં ચાલ્યો ગયો ? ને પછી એ ગાંડીને, એ પ્રેતવત્ શરીરને લઈ જવામાં જ શું તારું શૌર્ય ઝળક્યું ?

નકામા છે આ બધા ઠપકા. અણસમજુ જ એવા ઉપાલંભો આપી શકે”[૧]

સાતેક દાયકા પહેલાં ઝવેરચંદ મેઘાણીએ આ બધા ઠપકા, ઉપાલંભો કે પ્રશ્નોને કંઈક અલગ વાત કરવાના આશયથી વખોડી કાઢ્યા હતાં. પણ આજે જ્યારે મનોવૈજ્ઞાનિક ઓજારો સાથે આ નવલકથાને વિશ્લેષિત કરવાની ખેવના દાખવીએ છીએ ત્યારે આ (ઉપર નિર્દેશિત) બધાં પ્રશ્નો સકારણ અને અનિવાર્ય લાગે છે. કાનજીની નબળાઈ, તેનો અવિશ્વાસ, તેની અનિર્ણાયક્તા, અવળો નિર્ણય અને છેવટે વિલંબ નિર્ણય આ બધાં તેના વ્યક્તિત્વના લક્ષણો મનોવૈજ્ઞાનિક દષ્ટિએ આસ્વાદ્ય છે.

## ૩.૩. : કાનજી : સામાજિક વાસ્તવ અને મનોવાસ્તવના સંઘર્ષ વચ્ચે પીસાતું વ્યક્તિત્વ :

કાનજી નવલકથાનો નાયક છે. તે જીવીને પહેલીવાર કાવડિયા ડુંગરની નાળમાં ભરાયેલા જન્માષ્ટમીના મેળામાં જુએ છે, મળે છે, અને પ્રથમ દષ્ટિએ પ્રેમમાં પડે છે. પણ વિના વિઘ્ને પ્રેમને સફળતા મળે તો એવો પ્રેમ સાહિત્યનો વિષય બને એમાં વિશેષ જેવું કશું નથી રહેતું. પ્રેમને પામવામાં અને તેને સમજવામાં કૃતિગત પાત્રોએ કરવો પડતો સંઘર્ષ એ જાણે કે સાહિત્યિક વિધા છે. આ નવલકથામાં પણ આ વિધાનો જ વિનિયોગ થયો છે. કાનજી ચકડોળમાં પાવા વગાડે છે. ત્યાર બાદ એના ‘સમજ્યાં કે કાઈ નહિ?’[૨] એ સવાલના જવાબમાં જીવીની ‘આડી નજરે’ વળતી વેળા પોતાના હૈયામાંથી કંઈક ઉઠાવી લીધું ને બદલે કંઈક મૂકતી ગઈ હોય એવકી અનુભૂતિ થાય છે. બંનેના હૈયા; બંનેના જીવ તો મળી જાય છે પણ સદેહે-જીવન મળી નથી શકતાં. પ્રણય પરિણયમાં નથી પરિણમતો. કોણ રોકે છે એમને? સમાજ. સમાજે ક્યાં રોક્યા છે? સમાજે કાનજીને પ્રેમમાં પડતા રોક્યો છે? ના.

સમાજે કાનજીને ધૂળા માટે જીવીનો હાથ માંગવા માટે જવા કહ્યું'તું? ના. તો આ બંને મળેલા જીવની અવદશા માટે સમાજને કેમ જવાબદાર ઠેરવો છો? સમાજ નવલકથામાં ક્યાંય સીધેસીધો કાનજી-જીવીના પ્રેમમાં અવરોધક-ખલનાયક બનીને નથી આવતો. છતાં મહદંશે આ સમાજ જ બે પ્રેમીઓને મળતા-પરણતા અટકાવે છે. આ સમાજ કાનજીના ચિત્તમાં જ સામાજિક મૂલ્યોરૂપે કબજો જમાવી બેઠો છે. સામાજિક મૂલ્યો આપણી આંતરિક ઈચ્છાઓ અને આપણા આંતરિક વિચારોની ઉપરવટ જઈને આપણા બાહ્ય વર્તનને પ્રેરતા હોય છે. બાળક જન્મે એ પહેલાં તો એના માટે અનેક પ્રકારના Social Setups તૈયાર જ હોય છે. જે પ્રકારના Social Setup માં એ જન્મ લે, શ્વસે છે એ Social Setup પ્રમાણે જ તેનું Mental Setup આકાર લેતું થાય છે અને એ પ્રમાણે જ માણસ વર્તન-વ્યવહાર કરતો થાય છે. બીજી બાજુ ઉંમર વધતાંની સાથે તેની આંતરિક ઈચ્છાઓને પણ પાંખ ફૂટવા લાગે છે. આ આંતરિક ઈચ્છાઓના મૂળ ઈડમાં પડેલાં હોય છે. ઈડ સતત ક્રિયાશીલ હોય છે અને પોતાની ઈચ્છાપૂર્તિ માટે તે સતત માર્ગ શોધતું હોય છે. ઈડની ઈચ્છાઓ મહદંશે જાતીયતાને અનુલક્ષતી હોય છે. તે સામાજિક રીતે અસ્વીકાર્ય હોય છે. આના કારણે Social Setups ના મૂલ્યોની જાળવણી પ્રત્યે સતત સજાગ રહેતા માણસના જાગ્રત મન અને માણસની આંતરિક ઈચ્છાઓની પરિપૂર્તિ માટે મથતાં અજાગ્રત મન વચ્ચે સંઘર્ષ થાય છે. ઉચ્ચ વર્ણનો યુવક નિમ્ન વર્ણની યુવતી સાથે ના પરણી શકે એ Social Setup નું એક મૂલ્ય છે. જો કોઈ આ Setup ની સીમા ઓળંગવાનો પ્રયાસ કરે તો તેને સખત દંડ કરવામાં આવે. પરિણામ સ્વરૂપે માનવચિત્તમાં દંડનો ભય આકાર લેવા લાગે છે અને પેઢી દર પેઢી આ ભય ફેલાતો-ફૂલતો રહે છે. પછી તો લોકોને દંડની ચેતવણી પણ આપવી નથી પડતી. કારણ કે એમના ચિત્તમાં ઘર કરી ગયેલો ભય એમને એ Setup ની સીમા ઓળંગવાની હિંમત જ નથી કરવા દેતો એટલું જ નહિ એવો વિચાર પણ નથી કરવા દેતો અને એ રીતે એના ચિત્તમાં ઘર કરી ગયેલો ભય એમના સામાજિક વર્તન-વ્યવહારનું પ્રેરકબળ-નિયામકબળ બની બેસે છે. આમ, માણસનું Mental Setup જ એવું ગોઠવાઈ જાય છે કે જેમાં Social Setup ના બધાં આદર્શો કે માપદંડોની બખૂબી જાળવણી-ભાળવણી થાય છે. આવા સંજોગોમાં પણ પેલી આંતરિક ઈચ્છાઓ તો અવકાશ મળતાં માણસના વર્તનમાં ઝબકી આવે છે. પ્રસ્તુત નવલકથાના નાયક-નાયિકા, કાનજી-જીવીને પણ આ બાબત ઘનિષ્ઠપણે લાગુ પડે છે.

મણિલાલ હ. પટેલ કહે છે તેમ "કરમની કઠણાઈ એ છે કે બંને જુદી જુદી ન્યાતના છે. ને ન્યાત તો માનવીની કાયાને ચોંટાડેલી ચીજ છે, માયા તો નિર્જાત છે."[૩] અર્થાત્ સમાજિક સંરચના જ આ બે પ્રીતિતંતુએ જોડાયેલા પાત્રો વચ્ચે અંતરાયરૂપ બને છે. ન્યાત-જાતના સામાજિક વર્ગભેદ જ કાનજી-જીવી જેવા નિર્દોષ માનવીઓની અવદશાનું કારણ બને છે.

કાવડિયા ડુંગરની નાળમાં જન્માષ્ટમીના ભરાયેલા મેળામાં કાનજી અને જીવી પહેલી નજરે પ્રેમમાં પડે છે. 'અણજાણી અસર' નામના બીજા પ્રકરણમાં જોઈએ છીએ કે કાનજીનો જીવી પ્રત્યેનો રાગાવેગ ખૂબ ગાઢ છે અને તે સતત વિરહ-વેદનાથી પીડાયા કરે છે. પણ તે જીવીને મળવાનું કોઈ તાત્કાલિક પગલું નથી ભરતો. ઈડતત્ત્વ પોતાની ઈચ્છાપૂર્તિ માટે કોઈ પણ જાતના સંઘર્ષો સામે લડે છે એ સાચું પણ એ માટે તે હંમેશાં યોગ્ય સમયની રાહ જુએ છે. કાનજી પણ જીવીને મળવાની તીવ્ર ઈચ્છા ધરાવે છે પણ જીવીને મળવા જાય કેમ ? કયું બહાનું આગળ ધરે ? લોકોને શું કહીને દૂરના ગામે જીવીને મળવા જાય ?  સામે પક્ષે પોતાના અણધાર્યા આગમન માટે જીવી પાસે, તેના માતા-પિતા પાસે અને તેના ગામલોકો પાસે કર્યું કારણ આગળ ધરે ? એમાં વળી 'મોહપાશમાં' નામે ત્રીજા પ્રકરણમાં "અરે ભૂંડા ! નાત નહિ, જાત નહિ ને ક્યાં જતો જીવ લગાડ્યો છે !"[૪] એમ જાત સાથે વાત કરતા કાનજીના જાગૃત મનમાં ઘર કરી ગયેલા સામાજિક ભયનો બોજ છતો થાય છે. તો બીજી બાજુ  "ના ના, હું એના રૂપનો ભૂખ્યો થોડો છું ? રૂપમાં તો ગામવાળી કાળી જ ક્યાં ઓછી છે ? ને એ મારી પાછળ ફાંફાં પણ ક્યાં ઓછાં મારે છે ! પણ ના જોગીપરાવાળીની તો કોઈ માયા જ જુદી છે. એકવાર જોવા મળે એટલામાં જ જનમારાની ભૂંખ ભાંગી જાય એવી છે !"[૫] એવા પોતાના જીવી પ્રત્યેના રાગાવેગનું વિશ્લેષણ કરતો કાનજી નૈતિક - જાતીયતા (Sex) ના સંદર્ભે-  રીતે પણ અમૂંઝણ અનુભવતો જણાય છે. તે વિષયવાસનાથી દોરવાઈ, જીવીના રૂપથી આકર્ષાઈ તેને મળવા ચાહે છે કે પોતાના પ્રેમભાવને વ્યક્ત કરવાના હેતુમાત્રથી જીવીને મળવા ચાહે છે એ બાબતે તે જે ચૈતસિક સંઘર્ષ અનુભવે છે તેના ઈંગિત ઉપરયુક્ત અવતરણમાંથી મળે છે. સામાજિક અને નીતિમત્તાના ભાવથી દોરાયેલું તેનું ચિત્ત તેના મનોજગતના સુપર ઈગોની ક્રિયાશીલતા તરફ અંગુલિનિર્દેશ કરે છે. ટૂંકમાં કાનજીની ઈડગત ઈચ્છા છે જીવીને મળવાની. પણ સમાજ અને નૈતિક ધોરણો તરફથી તેને કેટલાંક પ્રશ્નો થવાનો ભય છે એટલે તે જીવીને

મળવાનું અને પોતાની ઇચ્છાપૂર્તિનું કોઈ તાત્કાલિક પગલું નથી ભરી શકતો અને ઈગો તત્ત્વથી દોરવાઈ યોગ્ય તકની રાહ જુએ છે. ઈગો કે જેનું કાર્ય છે ઈડ અને સુપર ઈગો વચ્ચેની તાણ ઓછી કરવા સમાધાનકારી વલણ રજૂ કરવું. કાનજીનો ઈગો પણ તકનો લાભ લઈ કાનજીના ઈડતત્ત્વને અને સુપર ઈગો એમ બેમાંથી એકને પણ આઘાત ન લાગે એવું પગલું ભરાવે છે. કુટુંબમાં એક ડોશીના સૂતક નિમિત્તે સાત ગાઉ ઉપર આવેલા એક મોટા ગામમાં સાબૂ લાવવાનું તે માથે ઉપાડે છે. આ મધ્યમમાર્ગ અપનાવવાથી તેની આંતરિક અપેક્ષા પણ સંતોષાય છે અને ગામ લોકો સામે સાબૂ લાવવાનું સાધાર બહાનું તથા જીવીને ત્યાં માર્ગ ભૂલ્યાનું બહાનું પણ મળી રહે છે. અને આગળ જે કાનજી જીવી પ્રત્યેના પોતાના રાગાવેગનું વિશ્લેષણ કરતો જણાય છે તેની ઈડગત અપેક્ષા કયા પ્રકારણી છે ( જાતીય આકર્ષણ કે માત્ર પ્રેમભાવ વ્યક્ત કરવો ) અને તેની તીવ્રતાનું પ્રમાણ પ્રકરણના અંતે આવેલા ફકરામંથી મળી રહે છે જુઓ " 'ઠીક કહું છું ! મને બોલાવવામાં સાર નહિ નીકળે હોં !' કહેતો કાનજી જાણે બેભાનમાં ન લવતો હોય તેમ ખોડીબારા તરફ ધસ્યો. અંદર જતાં જતાંમાં તો એની આંખ પણ ફાટી ચૂકી હતી. આસપાસ જોયું ન જોયું ને, પીઠ ફેરવવા જતી જીવીને એણે બાથમાં જકડી દીધી. મોં પર સ્નેહની છાપ લગાવી ન લગાવી ને વળી પાછી છોડી દીધી."[૬]

## ૩.૪. : 'એક પંથ ને દો કાજ' માં અટવાયેલી કાનજીની 'મથામણ'

'એક પંથ ને દો કાજ' એવી સલાહ આપનાર હીરો આ નવલકથાના મુખ્ય પાત્ર કાનજીના જ એક બીજા વ્યક્તિત્વનું પ્રતિનિધિત્વ કરતો હોય એવું જણાય છે. તે કાનજીના ઈગોનું પ્રતિનિધિત્વ કરતો હોય એવું લાગે છે. ઈગો હંમેશાં ઈડ અને સુપર ઈગોના મધ્યસ્થી તરીકે કાર્ય કરે છે. તે સુપર ઈગો અર્થાત્ સામાજિક અને નૈતિક ધારાધોરણોને જરા પણ ઠેસ ન પહોંચે એવો મધ્યમ માર્ગ અપનાવી ઈડની અપેક્ષાઓ સંતોષવાનું કાર્ય કરે છે. કાનજી જીવીને પામવા ઈચ્છે છે એ તેની ઈડગત ઇચ્છા છે પણ કાનજી પટેલ જ્ઞાતિનો છે અને જીવી ગાયંજણ છે. આમ સામાજિક વર્ગભેદ તેમના માટે આડખીલી રૂપ બને છે. કાનજી જો જીવી સાથે લગ્ન કરે અથવા તેને લઈ નાસી જાય તો સમાજ તેનો નાતમાંથી બહિષ્કાર કરે. તેના મોટા ભાઈ અને તેમના પરિવારનું શું વગેરે પ્રશ્નો તેને સતાવે છે. એટલે જ તે જીવી સાથે

ગાઢ અનુરાગ ધરાવતો હોવા છતાં તેને મેળવવા કોઈ પગલું નથી ભરી શકતો. આવા સામાજિક ધોરણો અને તેના લીધે સર્જાતા ભયના લીધે કાનજી અથવા તેનું જાગૃત મન નિષ્ક્રિય રહે છે. આવા સમયે જ હીરો કાનજીને મધ્યમ માર્ગ દર્શાવે છે. હીરો જીવીને ધૂળા ગાયંજા સાથે પરણાવવાનો પ્રસ્તાવ મૂકતાં કહે છે : "હું મશ્કરી નથી કરતો, કાનજી, મેં કહ્યું એના ઉપર તું જરા વિચાર કરજે. એક પંથ ને દો કાજ જેવું છે, પછી તો તું જાણે."[૭] એક રીતે જોઈએ તો કાનજી પણ ચૈતસિક રીતે આવો જ કોઈ માર્ગ શોધતો જ હશે જેથી પોતાની ઈચ્છા પણ સાકાર થાય અને સામાજિક મોભો પણ જળવાઈ રહે. હીરાએ દર્શાવેલો આ માર્ગ એટલે જ તેના ચિત્તમાં સતત ઘોળાયા કરે છે. હીરો કાનજીના ચિત્તનું ઈગોસ્તર હોય એમ આ માર્ગ સૂચવી જાય છે અને કાનજીનું જાગૃતમન તરત ઈડ અને સુપર ઈગો વચ્ચેના સમાધાનનું વલણ અપનાવતું જણાય છે. આ સંદર્ભને અનુલક્ષતું ઝવેરચંદ મેઘાણીનું એક અવતરણ જોઈએ :

"'જીવલીને આંહી એની નાતના ધૂળા હારે ઘરઘાવીએ એટલે પછી બેય વાતે સુખ કાનજી ! ધૂળાનું ઘર બંધાય ને તારે પણ નજર સામી રહે !

બાહેરથી તો એ હીરો બોલેલો પણ અંદર કાનજીનું ઘેલું અંતર જ એવું બોલનાર હતું. બેઉ વાતે સુખ ! બેવકૂફ બટકા ધૂળાના ઘરમાં બેસાડીને એના ઓથે પોતાનો પ્રણયસંસાર કાનજીને ચાલુ રાખવો હતો, એ તો એના મનની વાત નિઃશંક હતી, નજર આગળ રાખીને એને સુખી કરવી હતી. જ્ઞાતિભેદની ભીંત અને મોટા ભાઈના કુટુંબની મરતા બાપે સોંપેલી બાંય, એ બેઉ કાનજીને વ્યવહાર વિરુદ્ધનું પ્રેમપરાક્રમ કરતાં અટકાવતાં હતાં. એટલાં માટે 'બેઉ વાતે સુખ'ની ગણતરીમાં સરક્યો "[૮]

'મથામણ' નામના પ્રકરણમાં કાનજી હીરાએ મૂકેલા પ્રસ્તાવ પર જે મથામણ કરે તેમાં આ વાતની ઘનિષ્ઠ પ્રતીતિ થાય છે. તેનું જાગૃત મન અને તેનું ઈડ તો બિલકુલ નથી ઈચ્છતું કે જીવી ધૂળા સાથે પરણે. એટલે જ પ્રકરણના આરંભે દર્શાવ્યું છે તેમ ધૂળાના વ્યક્તિત્વ અને ચીડિયા સ્વભાવ પ્રત્યે તે તિરસ્કાર અને અણગમાનો ભાવ અનુભવે છે. પણ સામે પક્ષે તે સામાજિક નીતિનિયમોનું પણ ઉલ્લંઘન નથી કરી શકતો આથી પોતાના અજ્ઞાત મનની ઈચ્છા મુજબ "ખાવાપીવાનું સુખ ને.....આપણી નજર આગળ ખરી !"[૯] એવો માર્ગ અપનાવે છે. આ વિચાર મુજબ તો તેના ઈડની ઈચ્છા જ સંતોષાય છે. પણ તેના સુપર

ઈગોને તેના આ પગલાંથી શું લાભ ? અર્થાત્ તેની નીતિમત્તા અને સામાજિક મોભાને કશું લાભ થાય છે. એટલે તરત વિચારે છે "હીરો પાછળ પડ્યો છે ત્યારે ભલેને થતું. તે દન બિચારાં નાનીકાકીય કેવું કહેતાં હતાં ! કોકનો વંશ રે' એનાથી બીજું સારું પુણ્ય છેય કયું ?"[૧૦] અહીં જોઈ શકાય છે કે કાનજીએ એકી સાથે પોતાની ઇચ્છાપૂર્તિનો માર્ગ પણ શોધી લીધો તથા નાનીકાકી અને એમ સમાજ આગળ પોતાનું ઉમદા, કોઈકનું ભલું ઈચ્છે એવું, વ્યક્તિત્વ પણ ખડું કરી દીધું. પુણ્ય મળશે એ વાતથી તેના ચિત્તનું નૈતિક પાસું પણ પરિતોષ પામે છે. સામાજિક અને નૈતિક દષ્ટિએ આદર્શ કહેવાય એવા કાનજીના વિચારતળે તેની કામભાવના-પ્રેમભાવના દબાયેલી છે. તે આદર્શ વિચારને આગળ ધરી સમાજથી અને નૈતિક ધોરણોથી બચવા પોતાની ઇચ્છાને પ્રચ્છન્ન રાખે છે. કાનજી જે અપરાધભાવ અને લાચારી અનુભવે છે તેનું સરસ નિદર્શન પૂરું પાડતા સંવાદો જુઓ -

"પરંતુ જીવી તો હજુય ઊભી હતી. પાછા ફરેલા કાનજીને પૂછ્યું : 'કેમ કંઈ મારા પર બહુ રીસ ચડી છે?' અને જવાબની રાહ જોતી હોય એમ બાજુમાં ઊભેલા ઢીંચણ સમાણા ઘઉંથી રમત કરવા લાગી.

'રીસ ચડવા જેવું તેં શું કર્યું છે કે રીસ ચડે ? રીસ તો ઊલટી તને ચડવી જોઈએ !' કહી કાનજીએ જોરથી શ્વાસ લીધો.

'ત્યારે કેમ આટલા દનથી મોઢું ફેરવીને ફર્યા કરો છો ?' અને કાનજીને ચૂપ જોઈ વ્યંગમાં પૂછ્યું : 'લોકોની બીક લાગતી હશે, નહિ ?'

કાનજીએ બળદોની રાશ છોડી દીધી. અલાણીમાંથી બહાર નીકળતાં, 'એય ખરુંસ્તો ! -' કહી હીરાને હાક મારી : 'હીરા, લે જરા તમાકુ ભરીએ'

'એવું હતું તો રાત માથે લઈને તેડવા ન'તું આવવું !' જીવીએ આજ કહી જ નાખ્યું. અને આછા ગુસ્સાથી કાનજી તરફ તાકી રહી.

ખિસ્સામાંથી તમાકુ કાઢતાં કાનજીએ કહ્યું : 'એ બધુંય ખરું, પણ ભૂલ કરી બેઠા એનું હવે શું ?'"[૧૧]

### ૩.૫. : કાનજીની નિષ્ક્રિયતા અને ઈડિપસગ્રંથિ :

એમ. એમ. ત્રિવેદીએ આ નવલકથાનાં પાત્રોનું મનોવિશ્લેષણ કરેલ છે. આ લેખમાંનું તેમનું એક અવતરણ નોંધનીય છે : "સાહિત્યની દૃષ્ટિએ આ નિરૂપણ સંપૂર્ણ અને સુંદર પણ હશે પરંતુ મનોવિજ્ઞાનની – એટલે માનવીના વર્તનના હેતુ તથા વ્યવહારોની પરીક્ષા કરતા વિજ્ઞાનની દૃષ્ટિએ, કહેવું પડશે કે કાનજીના આદર્શો અને વર્તનના હેતુઓમાં ન્યૂનતાઓ અને કેટલીક વખત તો વિરોધાભાસો જોવા મળે છે. દા.ત. કાનજીને મરતા બાપે આદેશ આપ્યો હતો, એના મોટા ભાઈના કુંટુંબની સંભાળ રાખવાનો, એ હેતુ જળવાતો નથી અને ગૌણ રહે છે. એ તો ઠીક પણ કાનજીએ પોતે સ્વીકારેલી જીવીને, 'પોતાની નજર' સામે સુખી કરવાની, ઈચ્છા તો સાવ નિષ્ફળ જાય છે." [૧૨] પ્રસ્તુત અભ્યાસલેખમાંથી સમગ્રતયા પસાર થતાં આપણે કાનજીના પ્રગટ વર્તન અને મનોવૈજ્ઞાનિક વ્યક્તિત્વ વચ્ચેની વિસંગતિઓ સુપેરે જાણી શકીએ છીએ.

શા માટે કાનજી આટલો નિષ્ક્રિય રહે છે ? તેને જીવી સાથે ઘર માંડવાના અનેક અવસરો મળે છે છતાં તે કેમ નિષ્ક્રિય રહે છે ? દેવો સાથે બાથ ભીડવાનું સામર્થ્ય ધરાવતો કાનજી કેમ પોતાના પ્રેમને પામવામાં પોતાનું પૌરુષ કામે નથી લગાડી શકતો ? અને હિમ્મત દેખાડે છે તોય ક્યારે ? જ્યારે જીવી સુધબુધ ગુમાવી બેસે છે ત્યારે ! શા માટે તે જીવી જ્યારે સભાન અવસ્થામાં હતી ત્યારે તેને ભગાડવાનું સાહસ નથી દેખાડી શકતો અને જ્યારે તે ભાન ગુમાવી બેસે છે ત્યારે લોકલાજની પરવા કર્યા વિના તેને ભગાડવાની હિમ્મત દેખાડે છે ? આ બધાં સવાલો મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ મહત્ત્વના છે.

આપણે ઘણીવાર જોયું હશે કે માણસ જેના પ્રભાવ હેઠળ હોય એની જ ભાષા અને એના જ વર્તન વ્યવહારોનું જાણ્યે-અજાણ્યે અનુકરણ કરતો થઈ જાય છે. બાલ્યાવસ્થામાં બાળક (પુરુષ-બાળકની જ વાત થાય છે અહીં) પર સવિશેષ માતાનો પ્રભાવ હોય છે અને તે માતા પર માલિકીભાવ ધરાવતું હોય છે. પરિણામે પિતા પ્રત્યે તે પ્રતિસ્પર્ધી જેવો ભાવ દાખવતું હોય છે. પણ પિતાના લાલન પાલન અને પોતા પ્રત્યેના પ્રેમભાવને જોઈ વય વધતા બાળકને સમજાય છે કે પિતા જે કંઈ કરે છે એ મારા હિતમાં છે એના કારણે માતા સાથેનો તેનો ગાઢ લાગણીભાવ થોડો ઢીલો પડે છે અને તે લૈંગિક દૃષ્ટિએ પોતા સાથે સામ્ય ધરાવતા પિતા પ્રત્યે તાદાત્મ્યભાવ અનુભવે છે અને એમ તે પિતા જેવા ધનવાન કે

હિમ્મતવાન થવાની અભિલાષા સેવતું થાય છે. પરંતુ જો સમય જતા બાળક માતા સાથેનો લાગણીનો દોર ઢીલો ના મૂકી શકે અને પિતા સાથે તાદાત્મ્યભાવ ના કેળવી શકે તો તેના વર્તન-વ્યવહારમાં પણ માતાના જ લક્ષણો દેખાશે.

કાનજીના પાત્ર સંદર્ભે પણ આ બાબત અતિ મહત્ત્વની છે. કાનજીએ મરણપથારીએ પડેલા પિતાને મોટાભાઈનું અને તેના પરિવારનું ધ્યાન રાખવાનું વચન આપ્યું છે. તેના મોટાભાઈનો એક હાથ ભાંગેલો હતો અને સર્જક સ્વયં કહે છે તેમ "શરીર તથા મનથી પણ અડધા ભાંગેલા જ હતા"[૧૩] એટલું જ નહિ સ્વભાવે પણ તે ભોળા જ હતા. મોટાભાઈના આ બધાં લક્ષણો એક નાના બાળકને મળતા આવે છે. જેમ નાનું બાળક કશું કરી નથી શકતું એટલે માતા તેના બધા કાર્યો કરે છે તેમ કાનજી પણ મોટાભાઈની સેવા કરે છે. માતાની જેમ તે પણ પોતાના સુખદુઃખની પરવા કર્યા વિના, ઘણીવાર પીડા વહોરીને પણ, તેમનું હિત ઈચ્છે છે. આનાથી નિષ્કર્ષ એ આવે છે કે કાનજી માતૃરાગગ્રંથિ (Oedipus Complex) થી પીડાય છે. મનોવૈજ્ઞાનિક દષ્ટિએ સ્ત્રીનું વર્તન હંમેશાં લાગણીપ્રેરિત હોય છે તેના કારણે તેમની નિર્ણયશક્તિમાં શિથિલતા જોવા મળે છે. કાનજીનું વર્તન પણ લાગણીપ્રરિત છે એટલે તેના વ્યક્તિત્વમાં પણ પૌરુષત્વનો અભાવ અને નિર્ણયશક્તિમાં શિથિલપણું જણાય છે. સાહસભર્યા નિર્ણયો કાનજીએ લેવાના હોય એના બદલે તે જીવી પાસે સાહસ અને સક્રિયતાની અપેક્ષા સેવે છે. તેનામાં આત્મવિશ્વાસનો અભાવ અથવા પોતાના પ્રીતિપાત્ર-જીવી પ્રત્યે અવિશ્વાસ છે એટલે જ તે પહેલાં જીવીને વચને બાંધે છે. પછી જ ધૂળા સાથે તેના લૂગડા પહેરાવા છે એવો પ્રસ્તાવ મૂકે છે. 'મથામણ' નામના પ્રકરણમાં તેના વ્યક્તિત્વના આ બધા પાસાંઓનો એક સાથે પરિચય મળી રહે છે જુઓ –

"કાનજી જીવી સાથે નક્કી તો કરી આવ્યો પણ વળી પાછો એનો જીવ ફટકી ગયો હતો : 'ના ના. હું એને જઈને ના જ પાડી આવું ! એ પણ મૂરખ તો ખરી જ ને ! એને અણગમતું હોય તો ના પાડી દેતાં શું થતું'તું ? આ કંઈ રમત વાત થોડી છે ? આ તો આખા ભવની ગાંઠ વાળવાની !' – તો વળી એનો પોતાનો જ જીવ એને ઠપકો આપતો હતો : 'આટલું બધું ડહાપણ હતું ત્યારે એ વખતે ઊઠતી વખતે જ ના કહીને ઊઠવું હતું ને ? એ વખતે કહ્યું હોત કે હું તો ખાલી તારું પારખું જોતો'તો, તો આ હવે ફરીથી જવાની માથાકૂટ જ ન રહેત ને ?' "[૧૪]

કાનજીની આ ભાવશબલ અને કિંકર્તવ્યમૂઢ મનોસ્થિતિ જ તેના વ્યક્તિત્વમાં રહેલા નિર્ણયશક્તિના શિથિલપણાંની, પોતે અનુભવી રહેલા અપરાધભાવ (Guilt) ની અને હિમ્મતના અભાવની પરિચાયક બની રહે છે. તેને ખ્યાલ છે કે વચનથી બાંધીને પોતે જીવીને હા પડાવી છે, એટલે જ તેને જીવીને ના પાડવા જવાનો વિચાર આવે છે તેમાંથી જ તેનો અપરાધભાવ અથવા 'ખોટું થઈ રહ્યું છે' નો ભાવ પ્રગટ થાય છે. પરંતુ તે ના પાડવા જઈ નથી શકતો મનમાં ને મનમાં જ બધું સમાધાન કરી લે છે તેમાં તેની પાયાવિહોણી નિર્ણયશક્તિ અને અસામર્થ્ય પ્રગટ થાય છે.

કાનજીના વ્યક્તિત્વ વિશે હજુ પણ એક સવાલ રહે છે : શા માટે કાનજી અખિલાઈપૂર્ણ વ્યક્તિત્વ ધરાવતી જીવીને લઈ – પરણી જવામાં સાહસ નથી દેખાડી શકતો ? અને કેમ જીવી સુધબુધ ગુમાવી - ગાંડી થઈ જાય છે ત્યારે જ તે સાહસ દાખવી, તેને કારતકી પૂનમના મેળમાંથી પોતાની સાથે શહેરમાં લઈ જાય છે ? એમ. એમ. ત્રિવેદી 'અવળી ઈડિપસગ્રંથિ' ની વિભાવના દ્વારા કાનજીના આ વલણ-વ્યવહારને સ્પષ્ટ કરે છે. તેઓ નોંધે છે : "અવળી ઈડિપસગ્રંથિ લાગણીપ્રવાહોને કેવી દિશા અને સ્વરૂપો ઉપજાવે છે તે માટે જોઈએ. પ્રથમ તો માતા સાથેનું તાદાત્મ્ય ક્ષીણ થવાને બદલે બળવાન થાય છે. એટલે આવી વ્યક્તિનું પૌરુષત્વ બળ મેળવવાને બદલે ક્ષીણતા પામે છે. પુરુષ 'માવડિયો', બાયલો, ઢીલો થાય છે. આ બધું ઢાંકવા ઘણાંબધાં મનોભાવો અજ્ઞાતમાં ધકેલાય છે છતાં છતા થઈને જાય છે. ખેર, માતા સાથેને ગાઢાતિગાઢ તાદાત્મ્યને લીધે પૌરુષત્વનું પરાક્રમ વધારવાની અને બતાવવાની જગ્યાએ માતાથી વધુ માતૃત્વ બતાવવાનું વલણ બધી જાય છે" કાનજીના પાત્રનું વલણ પણ કંઈક આ પ્રકારનું જ છે. મનોવૈજ્ઞાનિક/ભાવક કાનજી જેવા શારીરિક રીતે સશક્ત પાત્ર પાસે પરાક્રમની અપેક્ષા સેવે છે. કાનજી સમાજના રીત-રિવાજો, ભગત, હિરો, ધૂળો વગેરેની ઉપરવટ જઈને, કોઈ પણ પરાક્રમ કરીને જીવીને પરણી જાય એવું ભાવક મનોમન ઝંખે છે. પણ ભાવક નિરાશ થાય છે. કાનજીના ચિત્તના કોઈ અજ્ઞાત ખૂણામાં તેની માતા સાથેના તાદાત્મ્યના ક્ષીણ થવા જોઈએ એવા અંશો ઘર કરી ગયા છે. પરિણામે કાનજીના વ્યક્તિત્વમાં હિમ્મત અને પરાક્રમવૃત્તિને બદલે માતૃત્વભાવ પ્રાધાન્ય ભોગવે છે. અને આ કારણથી જ તે લડાયકવૃત્તિ કે સાહસ દાખવી જીવી સાથે ઘર નથી માંડી શકતો અને જીવી જ્યારે પાગલ થઈ જાય છે ત્યારે તેને ભગાડી જાય છે કારણ કે પાગલ

થયેલી જીવી હવે બાળકની જેમ વર્તતી થઈ છે. આથી શિશુસહજ વર્તનમાં સરી પડેલી પાગલ જીવીને આશ્રય આપી, તેનો ચિંતાભાર ઉપાડી, તેનું પાલન-પોષણ કરવાથી કાનજીના અચેતન માનસના ખૂણામાં ધરબાયેલ માતૃત્વભાવને પ્રગટ થવાનો અવકાશ મળે છે. એટલે તે પાગલ અવસ્થામાં જીવતી જીવીને પોતાની સાથે લઈ જાય છે. આમ, આપણે જોઈ શકીએ છીએ કે કાનજીનું આ વલણ તેના અચેતન માનસથી દોરવાયેલું છે.

### ૩.૬. : કાનજીપ્રીતિનો કરૂણ અંજામ : જીવીની માનસિક અસ્થિરતા :

જીવી નવલકથાની નાયિકા છે. લેખકે જીવીના પાત્ર પર પ્રસંગોપાત જ ફોકસ કર્યું છે. મનોવૈજ્ઞાનિક દષ્ટિએ જીવીનું ગાંડપણ એ અભ્યાસપાત્ર વિષય છે. કોઈ વ્યક્તિ સ્વસ્થ માનસિકતામાંથી ગાંડપણની અવસ્થામાં સરી પડે એ કાંઈ નાનીસૂની ઘટના તો ન જ કહેવાય ? હસતું ખીલતું માણસ આમ સહસા અને અકારણ ગાંડપણનો ભોગ નથી બની જતું. તેને આ અવસ્થાએ પહોંચાડનાર પરિબળો તેના હસતાં ખીલતા ચહેરાતળે, તેના અંતરના ઊંડાણમાં ઘર કરી ગયાં હોય છે અને સતત તેને અંદરથી કોરી ખાતા હોય છે. જીવીને પણ આ બાબત એટલી જ લાગુ પડે છે. ‘મોર ટાંક્યા જેવું રૂપ’ ધરાવતી જીવી સુંદર દેહલતા સાથે આકર્ષક માનસિકતા પણ ધરાવે છે. ક્યાં આરંભે હિમ્મતની દષ્ટિએ કાનજીથીયે ચડિયાતી લાગતી જીવી અને ક્યાં નવલકથાના અંતે ‘ગાંડી હુઈ ! ગાંડી હુઈ !’ એવી કિકિયારીઓ પાડતા છોકરાઓ દ્વારા પજવણીનો ભોગ બનતી જીવી ? નવલકથાના આરંભે તે એક માનસિક રીતે સ્ફુર્તિથી ભરપૂર, હિમ્મતવાન અને દઢ મનોબળ ધરાવતું પાત્ર છે. હિમ્મતમાં કાનજી કરતાં પણ ચઢી જાય એટલું સબળ પાત્ર જીવીનું છે. દા. ત. જુઓ –

“ ‘એ તું ગમે તે કે’ પણ જો એક દા’ડો રીસ ચડી ને, તો ઊંઘતી ને ઊંઘતી ઉપાડી જઈશ.’ કહી કાનજી જીવી તરફ જાઈ હસી રહ્યો.

ખેતરનું ખોડીબારું આવતાં જીવી ઊભી રહી. હોઠોમાં હસતી હસતી બોલી : ‘ઊંઘતી તો આખી દુનિયા ઉપાડી જાય પણ જાગતી ઉપાડી જાઓ ત્યારે જ ખરા તો !’ અને કંઈક બોલવા જતાં કાનજીને ચૂપ રાખતાં ઉમેર્યું : ‘એક બૈરાની ખાતર ખોળિયું વટલાવતાં લાજેય નથી આવતી !’

'જીવ વટલાવતાં લાજ ન આવી તો પછી ખોળિયું વટલાવતાં શી લાજ આવવાની હતી ? - પણ ખરું કહું છું.'

કાનજીને ગુસ્સો આવતો હતો કે બીજું કંઈ થતું હતું એ તો એ જાણે, પણ સૂરત સહેજ વિકૃત તો બની જ હતી. બોલવાનું ભાન પણ જાણે ભૂલ જતો હતો.

જીવીએ ખોડીબારું ઓળંગતાં કહ્યું : 'અહીં વાટમાં કહ્યા વગર જે કહેવું હોય એ ખેતરમાં કે'જો !'

પણ કાનજીને ત્યાંનો ત્યાં જ ઊભેલો જોઈને એ પણ થંભી ગઈ. વળી કહ્યં : 'હેંડોને, બે ઘડી વાતો કરીને-' "[૧૬]

અહીં આપણને જીવીના મશ્કરીભર્યા સ્વભાવનો પરિચય થાય છે. તો 'અહીં વાટમાં કહ્યા વગર જે કહેવું હોય એ ખેતરમાં કે'જો !' અને 'હેંડોને, બે ઘડી વાતો કરીને-' એ બે વાક્યોમાં તેની નિડરતા કાનજી પ્રત્યેનો તેનો ઝૂકાવ અને સ્પષ્ટ વ્યક્તિત્વની ઓળખ છતી થાય છે.

આવી જીવી પંદર મહિના પછી આપણને માનસિક રીતે અસ્થિર અવસ્થામાં જોવા મળે છે. ત્યારે સહજે ભાવકની લાગણી ખળભળી ઊઠે છે કે આ પંદર મહિનાથીયે ઓછા સમયમાં, જ્યારથી જીવી-કાનજી મળે છે ત્યારથી માંડી જીવી પાગલ થાય છે એ પૂર્વેની અવસ્થા સુધી, તેણીએ શું શું નહિ વેઠ્યું હોય ? લેખકે જો જીવીના પાત્રને, તેના લાગણીઓ-આવેગોને વિકસાવવામાં થોડું વધારે ધ્યાન કેન્દ્રિત કર્યું હોત તો મનોવૈજ્ઞાનિક દષ્ટિએ નવલકથા થોડી વધારે ખીલી હોત. તેમ છતાં જે સામગ્રી ઉપલબ્ધ છે તેમાંથી જીવીના વ્યક્તિત્વ અને વ્યવહારના કેટલાક કોયડાઓ ઉકેલી શકાય એમ છે. દઢ મનોબળ અને સ્ફૂર્તિલી-હસમુખ માનસિકતા હોવા છતાં તે કેમ ગાંડપણનો ભોગ બને છે ? સિગ્મંડ ફ્રોઈડે સ્ત્રી-પુરુષના વ્યક્તિત્વ અને વર્તનને દોરવામાં (Sex) જાતીયતા અને લાગણીને મહત્ત્વના પ્રેરકબળ પ્રસ્થાપિત કર્યા છે. વ્યક્તિ સેક્સને પ્રાધાન્ય આપે છે કે લાગણીને તેના પરથી તેના વર્તન અને વ્યવહારની દોરવણી અચેતનસ્તરેથી થાય છે. જીવીનું પાત્ર લાગણીને પ્રાધાન્ય આપતું જણાય છે અને એના કારણે જ ઝવેરચંદ મેઘાણી કહે છે તેમ તે 'આઝાદ વેશ્યા' ન થઈ શકી. કાનજી પોતાનો પ્રીતિપાત્ર બની રહે એમાં જીવી સુખાનુભૂતિ જુએ છે. એટલે જ સેજ પણ આનાકાની કર્યા વિના, માત્ર ને માત્ર કાનજી સાથે જોડાયેલા લાગણીતંતુના બળે તે

ધૂળા સાથે ઘર માંડવાની વાત સ્વીકારી લે છે. જો તેનામાં જાતીયતાની ભાવના પ્રાધાન્ય ભોગવતી હોત તો તે કાનજીનો પ્રસ્તાવ ફેકી દેત અને એની સાથે જ ભાગી જવાનો પ્રસ્તાવ મૂકત. પણ ના કાનજીને સારું લાગવું જોઈએ એટલે તે એ વાત અનિચ્છાએ પણ હસતે મોઢે સ્વીકારી લે છે અને તેમ કરે પણ છે. આમ જીવી માટે કાનજીનો પ્રેમભાવ મહત્ત્વનો છે. આ વાતના સમર્થનમાં બીજા પુરાવાઓ પણ પ્રાપ્ત થાય છે. કાનજી સાથે ભલે પોતે ઘર ના માંડી શકી પણ કાનજી તેની સાથે વાત કરે, તેના પ્રત્યે સ્નેહભાવ દાખવે એવી ઈચ્છા તો તે સતત સેવે જ છે. આરંભે કાનજી તેનાથી દૂર દૂર રહે છે એમાં જીવી 'લોકલાજ' જુએ છે પણ જ્યારે કાનજી પોતાની ભત્રીજી-રતનને જીવીને ત્યાં જતી અટકાવે છે ત્યારે તે આઘાત અનુભવે છે. જીવીના ચિત્તનો કારમો સંઘર્ષ અહીંથી આરંભાય છે. તે ધૂળાનો ઢોરમાર સાંખી શકે છે પણ કાનજી પોતાની લાગણીને હડસેલે કે પ્રીતિપાત્ર તરીકે પોતાને નજર અંદાજ કરે એ તેના માટે અસહ્ય થઈ પડે છે. તેના મનમાં જે સંઘર્ષ છે તે ભયનો સંઘર્ષ છે, કે આ કાનજીના મનથી હું પ્રિયપાત્ર  મટી જઈશ તો ! માટે તે પોતાનું પદ જાળવી રાખવા વલખાં મારે છે. કાનજી જ્યાં બેઠો હોય ત્યાં બીજા કોઈને નિશાન બનાવી તેની સાથે કટાક્ષમાં વાત કરે છે.જુઓ –

"સાંજની વેળાએ કાનજી તથા હીરો ખેતર તરફ જઈ રહ્યા હતા. સામેથી જીવી પણ પાણી ભરીને આવી રહી હતી.

નજીક આવતાં હીરા સામે મલકાઈને જીવીએ કહ્યું : 'ઓહોહો ! શાના ઉપર આટલી છાતી કાઢી હેંડો છો, હીરાભાઈ ?'

કાનજીથી બોલ્યા વગર ન રહેવાયું. જીવી સામે કઠોર નજર નાખતાં કહ્યું : 'અમારી જાત ઉપર. કાંઈ કોઈના ઉપર - '

કાનજી સામે જોયા વગર જ જાણે સ્વગત ન બબડતી હોય એમ મોં ચડાવીને જીવી બોલી : 'પૂછ્યા વગર જ્યાં હોય ત્યાં બોલવાની માણસને ટેવ પડી હશે !' અને આછા તિરસ્કાર સાથે મોં મચકોડતી ચાલતી થઈ."[૧૭]

અહીં આપણે જોઈ શકીએ છીએ કે જીવી ભલે કાનજી પ્રત્યે તિરસ્કારભાવ દર્શાવે પણ અંતઃકરણથી તો કાનજી પોતા સાથે વાતચીત કરે એવું જ ઝંખે છે.

ધૂળાના મૃત્યુ બાદ કાનજીના મનમાંથી પ્રીતિપાત્ર તરીકે ભૂંસાઈ જવાનો જીવીનો ભય બેવડાય છે. તેને ભય છે કે જો કાનજી એવું માની બેસશે કે મેં જાણી-જોઈને ધૂળાને ઝેર આપ્યું છે તો હું તેના મનમાંથી મારું સ્થાન ગુમાવી દઈશ. એટલે લોકો સામે સાવ મૂંગી બની ગયેલી જીવીને માત્ર હવે કાનજીનો ઈંતજાર છે. લોકોની તેને પરવા નથી પણ કાનજી આગળ તો મારી છબિ સ્પષ્ટ જ હોવી જોઈએ એવું તે અનુભવે છે. લોકો ભલે તેને દોષી ઠેરવે પણ કાનજીની નજરે 'મીં ઝેર નથી દીધું હો !' [૨૫૮] એમ કહી પોતાની જાતને નિર્દોષ પુરવાર કરવાની જ તેને ઝંખના છે. પણ કાનજી તેને પોતાની નિર્દોષતા પુરવાર કરવાનો, પોતાની વરવી વેદના વ્યક્ત કરવાનો એક મોકો પણ નથી આપતો અને શહેરથી આવ્યો'તો છતાં તેને મળ્યા વિના ચાલ્યો જાય છે. (ખરેખર તો કાનજી ભગત પાસેથી જાણી લે છે કે જીવી નિર્દોષ છે પણ) જીવીને તો એવું જ લાગે છે કે લોકોની જેમ કાનજી પણ ધૂળાને મેં જાણી-જોઈને ઝેર આપ્યું છે અને હું દોષિત છું એમ માની તેને મળ્યા વિના ચાલ્યો જાય છે. આ આઘાત તેના માટે અસહ્ય થઈ પડે છે. જેના હૃદયમાં તે સદાનું સ્થાન જમાવવા માંગતી હતી, જેના માટે તે આટઆટલી પીડા સહન કરતી'તી એ કાનજી પોતાની વેદનાને સમજ્યા વિના, વાસ્તવિક્તાને જાણ્યા વિના, પોતાને દોષિત માની, પોતાને મળ્યા વિના જતો રહ્યો એનો આઘાત જ તેને ગાંડી બનાવી દે છે. આ ન મળ્યાનો આઘાત જ તેને ગાંડપણનો ભોગ બનાવે છે તે બાબતને પુરવાર કરતું અવતરણ ઓઈએ –

"પાછી ફરી જતી જીવીનો નિઃશ્વાસ સંભળાયો અને સાથે બડબડાટ પણ 'મને મળ્યાય નહિ -' ઘેર જતાં જતાંમાં તો જીવીને પાંચ સાત થઈ ગયા : જોર જોરથી ધબકી રહેલું કાળજું એનું એ જ પૂછી રહ્યું હતું : 'મને મળ્યાય નહિ ?' પગ નીચેથી ધરતી જાણે ખસી જતી હતી, આભનો ગોળો ચક્કરવક્કર ફરતો હતો; કાન બહેરા બની ગયા. ક્ષણભર જીવીને થયું : 'હું ક્યાં છું ?' અને બીજી જ ક્ષણે તો એ પોતે ક્યાં છે ? કોણ છે ? એમાંનું કશું જ રહ્યું ન હતું. –

ધરતી હવે સરી જાય તોય શું ને ન સરે તોય શું ? આભલું ભલેને હવે હજારગણું ફરતું ! ને કાનજી પોતે પણ હવે જન્મારાભર ન મળે તોય એને શું હતું ? - એ તો હવે નિજાનંદ દશામાં જ જઈ પહોંચી હતી !" [૧૮]

ભાગ્યે જ ગુજરાતી સાહિત્યની કોઈ કૃતિમાં ગાંડપણ અવસ્થાનું આટલું સચોટ આલેખન થયેલું જોવા મળે છે ! એક વ્યક્તિ સભાન અવસ્થામાંથી સહસા કેવી રીતે ગાંડપણની અવસ્થામાં સરી પડે છે એનું અને એ સમયની એની મનોસ્થિતિ કેવી હશે એનું નખશિખ સુંદર ચિત્ર તો પન્નાલાલ જેવા માત્ર કળામર્મી જ નહિ, મનમર્મી જ અભિવ્યક્ત કરી શકે !

## ૩.૭. : તીવ્ર લઘુતાગ્રંથિથી પીડિત પાત્ર - ધૂળો :

નવલકથાનું હજુ એક પાત્ર છે, જે માનવચિત્તના અચેતન ખૂણાને વધુ ઉજ્જ્વલિત કરી આપે છે. ધૂળો. 'મથામણ' નામના પ્રકરણમાં ધૂળાનું વ્યક્તિત્વ આકાર પામ્યું છે જુઓ :

"ઠીંગણી દડી, ગોળ-માટલી ઘાટનું મોં, કાળાશ પડતા રંગમાં બિલાડા જેવી ભૂરી આંખો : આવી ધૂળાની મૂર્તિ ખડી થતાં વળી એનો (કાનજીનો) કકળી ઊઠતો, મન સાથે બબડતો : 'ને હાળો પાછો સ્વભાવનોય ચીડિયો મૂઓ છે તો ! -' "[૧૯]

ધૂળાના સ્વભાવ વિશે સર્જકે જ અહીં સંકેત આપી દીધો છે. તેના સ્વભાવનું ચીડિયાપણું અકારણ નહિ હોય. ધૂળાના સ્વભાવના ચીડિયાપણાનું કારણ તેના શારીરિક બંધારણમાં જ છે. જે વ્યક્તિનું શારીરિક બંધારણ જ ખોડખામીવાળું હોય અથવા પોતાના ઈપ્સિતને પામવામાં પોતાના શરીરનો દેખાવ જ અવરોધક બનતો હોય તે વ્યક્તિ કાળેકરી સ્વભાવે ચીડિયો થઈ જાય છે. ધૂળો પણ દેખાવે ઉપર કહ્યું તેમ અસુંદર છે અને એટલે જ કદાચ (ગામડા પ્રમાણે અને વ્યવસાય પ્રમાણે) આર્થિક રીતે સદ્ધર હોવા છતાં કોઈ તેને કન્યા નથી આપતું અને જે પોતાના જ શારીરિક બંધારણથી અસંતુષ્ટ હોય એવી વ્યક્તિ અન્ય કોઈ માર્ગે પોતાની ઓળખ ઉપસાવવા મથે છે. ધૂળાનું પાત્ર પણ આ નવલકથામાં Self Identity ઊભી કરવા મથે છે. તે જીવીને ઢોરમાર મારે છે એનું કારણ પણ આ જ છે કે તે પોતાની જાતને સમર્થ પુરવાર કરી જીવી પર પોતાનો માલિકીભાવ જતાવવા પ્રયાસ કરે છે. જીવી કાનજીને ચાહે છે એ જાણતો ધૂળો કાનજીથી ડરે છે એટલે ઈર્ષાનો બળેલો ધૂળો પોતાનો બધો આક્રોશ જીવી પર ઠાલવે છે. આમ, ઈર્ષાભાવ અહીં હિંસક વલણમાં પરિણમે છે. કાનજી પ્રત્યે શક્તિની બાબતમાં તે લઘુતાભાવ ધરાવે છે. ચૈતસિક રીતે લઘુતાગ્રંથિ

(Inferiority Complex) થી પીડાતો ધૂળો પ્રગટ વર્તન-વ્યવહારમાં સતત પોતાની ગુરુતા-મોટાઈ-માલિકીભાવ- સ્થાપવા મથે છે. તેનુ જીવી પ્રત્યેનું હિંસક વલણ તેની આ મથામણનું જ એક પરિણામ છે. પરંતુ ઢોરમાર મારવા છતાં જીવી તેને તાબે નથી થતી તે બાબત તેના લઘુતાભાવને વધારે ઘૂંટે છે, વધારે તીવ્ર બનાવે છે. પોતાનો આ લઘુતાભાવ પ્રગટ ન થઈ જાય એ હેતુથી જ તે જીવી પ્રત્યે ઓર ઉગ્ર અને હિંસક બને છે. તેમ છતાં પોતાનો માલિકીભાવ ન જતાવી શકતો હોવાથી તે રેશમાને જીવી પર મૂઠ વાવરવાનું કહે છે. અહીં પણ તેની લઘુતાગ્રંથિ ઘૂંટાતી જણાય છે. જીવી મારે તાબે ન થાય તો કાનજીને પણ તે ના મળવી જોઈએ એવી ભાવનાથી જ તેણે જીવી પર મૂઠ વાવરવાનો નિર્ણય લીધો છે અને એમાં જ એનો લઘુતાભાવ વધારે ધારદાર બનતો જણાય છે.

## ૩.૮. : ઉપસંહાર :

મનોવૈજ્ઞાનિક નવલકથાની રચના કરવી છે એવો કશો આશય આ નવલકથાના લેખકનો એમની આ નવલકથા કે એમના અન્ય લખાણો પરથી જણાયો નથી. એમને તો નવલકથા સ્વરૂપનો શાસ્ત્રીય પરિચય હશે કે કેમ એ પણ સવાલ છે. માનવજીવનનું આંખ દેખ્યું નિરૂપણ કળાત્મક રીતે કરવામાં એમની ફાવટ છે એ તેમની સિદ્ધિ. આ સંદર્ભે મણિલાલ હ. પટેલનું એક અવતરણ જોઈએ – "....પન્નાલાલ નવલકથાનું કે રચનાનું કોઈ શાસ્ત્ર પણ ભણેલા નહોતા. સંસારની વિદ્યાપીઠે આ માણસની કોઠાસૂઝને ઊંડી કરેલી 'મળેલા જીવ'ને સર્જન સંદર્ભે 'અવતરણ' કહેતા પન્નાલાલની સાહજિક પ્રતિભાના પ્રાકટ્યને આ રીતે ય પ્રમાણી શકાશે"[૧૯] બાકી મનોવૈજ્ઞાનિક નવલકથાનું સર્જન કરવું છે કે કર્યું છે એવો કોઈ આયાસ અહીં જણાતો નથી. છતાં નવલકથામાંથી ઘણાં મનોવૈજ્ઞાનિક તથ્યો અને તત્ત્વો આકારિત થતા જણાય છે. મનોવિજ્ઞાનના ઘટકતત્ત્વો જેવા કે ઈગો, સુપર ઈગો અને ઈડ ઉપરાંત લઘુતા અને ઈડિપસ જેવી મનોગ્રંથિઓ નવલકથામાં સુપેરે નિરૂપાઈ છે. નવલકથાના કેટલાંક પાત્રો જ જાણે જાણ્યે-અજાણ્યે આવા મનોવૈજ્ઞાનિક ઘટકોનું પ્રતિનિધાન કરતાં હોય એવું લાગે છે. નવલકથાનાં પાત્રોનું મનોવિશ્વ ચકાસવાથી આ વાતની સઘન પ્રતીતિ થાય છે.

## ૩.૯. : પાદટીપ :

૧ મળેલા જીવ (પ્રસ્તાવના, ઝવેરચંદ મેઘાણી), પન્નાલાલ પટેલ ; પ્રકાશન : સંજીવની, અમદાવાદ; ૨૫મી આવૃત્તિ, ૨૦૧૨; પૃ. ૧૨

૨ મળેલા જીવ, પન્નાલાલ પટેલ; પ્રકાશન : સંજીવની, અમદાવાદ; ૨૫મી આવૃત્તિ, ૨૦૧૨; પૃ. ૨૬

૩ કથાસર્ગ ('મળેલા જીવ' : સંવેદનઘન ચુસ્ત સંરચના), મણિલાલ હ. પટેલ; પ્રકાશન : પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ; પ્રથમ આવૃત્તિ, ૧૯૯૧; પૃ. ૪૭

૪ મળેલા જીવ, પન્નાલાલ પટેલ; પ્રકાશન : સંજીવની, અમદાવાદ; ૨૫મી આવૃત્તિ, ૨૦૧૨; પૃ. ૪૪

૫ એજન; પૃ. ૪૪

૬ એજન; પૃ. ૪૯

૭ એજન; પૃ. ૫૯

૮ મળેલા જીવ (પ્રસ્તાવના, ઝવેરચંદ મેઘાણી), પન્નાલાલ પટેલ ; પ્રકાશન : સંજીવની, અમદાવાદ; ૨૫મી આવૃત્તિ, ૨૦૧૨; પૃ. ૧૭

૯ એજન; પૃ. ૬૦

૧૦ એજન; પૃ. ૬૦

૧૧ એજન; પૃ. ૧૨૩

૧૨ પન્નાલાલ પટેલનું પ્રદાન ('મળેલા જીવ' નાં પાત્રોનું મનોવિશ્લેષણ, એમ. એમ. ત્રિવેદી), સંપાદક : રઘુવીર ચૌધરી, રમેશ ર. દવે; પ્રકાશન : ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ; સંવર્ધિત બીજી આવૃત્તિ, ૨૦૦૮; પૃ. ૧૨૬

૧૩ મળેલા જીવ, પન્નાલાલ પટેલ; પ્રકાશન : સંજીવની, અમદાવાદ; ૨૫મી આવૃત્તિ, ૨૦૧૨; પૃ. ૫૪

૧૪ એજન; પૃ. ૭૦

૧૫ પન્નાલાલ પટેલનું પ્રદાન ('મળેલા જીવ' નાં પાત્રોનું મનોવિશ્લેષણ, એમ. એમ. ત્રિવેદી), સંપાદક : રઘુવીર ચૌધરી, રમેશ ર. દવે; પ્રકાશન : ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ; સંવર્ધિત બીજી આવૃત્તિ, ૨૦૦૮; પૃ. ૧૩૨

૧૬ મળેલા જીવ, પન્નાલાલ પટેલ; પ્રકાશન : સંજીવની, અમદાવાદ; ૨૫મી આવૃત્તિ, ૨૦૧૨; પૃ. ૪૮

૧૭ એજન; પૃ. ૧૨૬

૧૮ એજન; પૃ. ૬૦

૧૯ કથાસર્ગ ('મળેલા જીવ' : સંવેદનઘન ચુસ્ત સંરચના), મણિલાલ હ. પટેલ; પ્રકાશન : પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ; પ્રથમ આવૃત્તિ, ૧૯૯૧; પૃ. ૪૮